જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

**તા.૧૯/૦૧/૨૦૨૫ રવિવાર**

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૨/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૩ કેસ કરી, ૩૦ વ્યક્તિઓને ઝડપી, ૧૮૩ લીટર દેશી દારૂ, ૬૯૭ બોટલ ઈંગ્લીશ દારૂ, ૭૬૯ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧ મોટર સાયકલ અને ૧ લોડીંગ રિક્ષા કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૨ કેસ કરી ૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

## તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૯૩/૨૦૨૫

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૬૮ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૮ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

## છેતરપીંડીઃ- સમાચાર યાદી નં.૯૪/૨૦૨૫

**માધવપુરાઃ** તુષારકુમાર નરશીભાઇ વેલાણી (ઉ.વ.૨૮) (રહે. સોમ એપાર્ટમેન્ટ રાજસ્થાન હોસ્પીટલ પાછળ શાહીબાગ) એ તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તુષારકુમાર વેલાણી નાઓ માધુપુરા માર્કેટમાં દિપક ઇમ્પેક્ષ નામની દુકાન ધરાવી ડ્રાયફ્રુટનો વેપાર ધંધો કરતા હોય તા.૧૬/૦૭/૨૦૨૪ થી તા.૧૩/૦૮/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) ચામુંડા ટ્રેડીંગ કંપનીના પ્રોપરાયટર નિશા હિતેશભાઇ ગીયાનચંદાનીના (૨) હિતેશભાઇ ભોજરાજભાઇ ગયાનચંદાની (બન્ને રહે. ટી ૬૦૪ સરદાર પટેલ હાઉસિંગ સોસાયટી ગુજરાત હાઉસીંગ બોર્ડ શાસ્ત્રીનગર ચાર રસ્તા પાસે નારણપુરા અને (૩) ચંપતભાઇ જૈન (રહે. સાબરમતી) એ ભેગા મળી તુષારકુમાર વેલાણીની દુકાનેથી ડ્રાયફ્રુટનો માલ-સામાન કિમત રૂપિયા ૧૪,૭૩,૫૧૩/- ઉધારમાં ખરીદી કરી લઈ જઈ નાણાં નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી આર.કે.ખાંટ ચલાવે છે.

**ક્રાઈમ બ્રાન્ચઃ (૧)** અંકિત છગનરાજ મંડોવરા (ઉ.વ.૩૭) (રહે. સદભાવ બંગ્લો ઓમ ટાવર સામે બીએસએનએલ ઓફીસ સામે શાહીબાગ) એ તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે જય અંબે ક્રિએશન તથા જય અંબે આર્ટ ફર્મોના વેપારી (૧) કમલેશ સુખદેવભાઇ ખેમનાની (દુકાન એડ્રેસ- દુકાન નંબર-૪૩૧ ચોથો માળ સુમેલ બિજનેશપાર્ક-૪ નરોડા રોડ) અને (૨) કપીલ સુખદેવભાઇ ખેમનાની (દુકાન એડ્રેસ નંબર-૧૨૮ પહેલો માળ કામધેનુ ચેમ્બર્સ પાંચકુવા ફાયર સ્ટેશન પાસે પાંચકુવા) (બંન્ને રહે. કૈલાસ રિજોઇસ-૧ નાના ચિલોડા નંદિગ્રામ) ઓએ ભેગા મળી અંકિત મંડોવરા તથા સાહેદો પાસેથી તા.૦૪/૦૫/૨૦૨૨ થી તા.૧૬/૦૩/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાન લેડીઝ ડ્રેસ મટીરીયલ્સના કાપડનો માલ કિમત રૂપિયા ૧,૯૧,૪૪,૪૮૩/- ખરીદ કરી માલનું પેમેન્ટ ૩૦ થી ૯૦ દિવસમાં ચુકવી દેવાની ખાતરી આપી તે પૈકી ૧,૪૮,૭૭,૯૨૦/- ચુકવી બાકી નિકળતા રૂપિયા ૪૨,૬૬,૫૬૩/- નહી ચુકવી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.સ.ઇ.શ્રી વી.એમ.સાટીયા ચલાવે છે.

**ક્રાઈમ બ્રાન્ચઃ (૨)** પ્રકાશભાઈ બંસીધર ખટવાણી (ઉ.વ.૫૪) (રહે. ભાવના એપાર્ટમેન્ટ સાંઈબાબા મંદીર પાસે એરપોર્ટ રોડ સરદારનગર) એ તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે (૧) મહાલક્ષ્મી ટ્રેડર્સના માલીક દિલીપભાઈ રોચીરામ સાધવાણી (દુકાન નંબર-૨૮૧૭૨, ગ્રાઉન્ડ ફ્લોર, સ્ટાર બિલ્ડીંગ, કાલુપુર કોટની રાંગ, કાલુપુર) (રહે. સત્યમેવ વિસ્ટા હાઈકોર્ટ સામે સોલા) અને દલાલ (૨) મુકેશભાઈ લાલવાણી (રહે. નિલકંઠ એવન્યુ આઈ.ટી.આઈ. રોડ કુબેરનગર) નાઓએ ભેગા મળી તા.૦૨/૦૬/૨૦૨૩ થી તા.૧૩/૦૬/૨૦૨૪ સુધીના સમયગાળા દરમ્યાનમાં પ્રકાશભાઈ ખટવાણી પાસેથી રેડીમેડ કુર્તિનો માલ ખરીદી કરી લઈ જઈ માલના બાકી નિકળતા રૂપિયા ૩૮,૭૨,૬૮૭/- આજદીન સુધી નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ ક્રાઈમ બ્રાન્ચ આર્થિક ગુના નિવારણ શાખા પો.સ.ઇ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૯૫/૨૦૨૫</u>**

**કૃષ્ણનગરઃ** ઠક્કરનગર ઇન્દ્રજીત સોસાયટી ખાતે રહેતા જયચંદભાઇ લક્ષ્મણભાઇ કોષ્ટી નાઓના સગીર વયના પુત્ર એ અગમ્ય કારણસર તા.૧૮/૦૧/૨૦૨૫ કલાક ૧/૦૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના ભાગે હુક સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાતા સારવાર માટે તેને સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યો હતો. આ અંગે કૃષ્ણનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી ડી.આર.પુવાર ચલાવે છે.

**ઓઢવઃ** સિધ્ધરાજસિંહ ગોવિંદસિંહ સોલંકી (ઉ.વ.૪૦) (રહે. શકિતનગર સોસાયટી જનતાનગર સામે ઓઢવ) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૧/૨૦૨૫ બપોરના ૧/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના ભાગે લોખંડની પાઇપ સાથે દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઓઢવ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી એ.એમ.ખરાડી ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી